રજૂ તારીખ : ૧૦/૧૦/૨૦૨૨.

દાખલ તારીખ : ૧૦/૧૦/૨૦૨૨.

ફેંસલ તારીખ : ૧૪/૧૦/૨૦૨૨.

અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૫.

આંક : .

**મે. સુરતના સાતમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૬૬૪/૨૦૨૨.**

**અરજદાર :–** **કુંદનબિહારી બંસીધર પાંડે,**
રહેવાસી : સાંઈરામ ક્રિષ્ણા પેલેસ,
રૂમ નંબર : ૩૧૧, સુભાષભાઈના મકાનમાં,
તાલુકો : પલસાણા, જિલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.**

==========================================

**અરજદાર તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી કે. આર. જોષી.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==========================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૧-૨૦૫૮/૨૦૨૧, ઇ. પી. કોડની કલમ-૩૦૨ મુજબના ગુનાના કામે હાલના અરજદાર/આરોપીને અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૪૩૯ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીનાં વિ. વકીલ શ્રી કે. આર. જોષીની દલીલો સાંભળી. તેઓ તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર સામે ઇ. પી. કોડની કલમ-૩૦૨ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદાર તદન નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. ફરિયાદમાં જણાવેલ હકીકતો ખોટી છે. અરજદારે ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇ ભાગ ભજવેલ નથી. અરજદારને હાલના ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર સામે કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. મરનાર શ્રેયા મિલમાં કોન્ટ્રાકટમાં કામ કરતા હતાં અને મરનારના પત્નીના નિવેદન મુજબ મરનારના દીકરાને ફોન કરી એવી હકીકત જણાવવામાં આવેલ કે, તેના પિતા પડી જતાં બહુ વધારે વાગેલ છે અને બહુ ઇમરજન્સી છે. આમ, આ હકીકત ધ્યાને લેતાં અરજદારે કોઇ ગુનો કરેલ હોવાનું પ્રથમદર્શને જણાઇ આવતું નથી. અરજદારે અગાઉ જામીન અરજી નંબર : ૩૦/૨૦૨૨ દાખલ કરેલ, જે નામંજૂર કરવામાં આવેલ. ત્યાર બાદ સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે અને ચાર્જશીટ દાખલ થયા બાદ હાલની જામીન અરજી કરવામાં આવેલ છે. સદર ગુનાના કામે ચાર્જશીટ દાખલ થયેલ હોવાથી પુરાવા સાથે ચેડાં થવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. અરજદાર ઘણાં સમયથી જેલમાં છે. અરજદાર વેપાર કરે છે અને તેઓ ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. વળી, અરજદાર સુરત જિલ્લાના રહેવાસી છે. અરજદાર નાસી ભાગી જાય તેમ નથી અને ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની જામીન અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત એવી છે કે, હાલના અરજદારની સામે ઇ. પી. કોડની કલમ–૩૦૨ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદારે મરનાર બિલ્ટુ યાદવ સાથે બોલાચાલી ઝઘડો કરી પોતાની પાસેના ચપ્પુથી ડાબા પગ ઉપર સાથળના ભાગે ઇજા પહોંચાડી મોત નિપજાવી ખૂન કરેલ. હાલના અરજદાર/આરોપીએ ગુનામાં સક્રિય ભાગ ભજવેલ છે અને તેઓની સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. અરજદાર સામે આજીવન કેદ અથવા મૃત્યુદંડની સજાને પાત્ર ગંભીર ગુનાનો આક્ષેપ છે. સદર ગુનાની તપાસ ચાલુ હતી ત્યારે અરજદારે દાખલ કરેલ જામીન અરજી નામંજૂર કરવામાં આવેલ અને ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદાર/આરોપી સામેના સંજોગોમાં કોઇ ફેરફાર થયેલ નથી. હાલના અરજદાર બિહાર રાજયના મૂળ વતની છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરિયાદપક્ષના સાહેદોને ફોડવાની કોશિશ કરે અથવા નાસી ભાગી જાય અને ટ્રાયલ સમયે હાજર ન રહે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. ચાર્જશીટના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે ફરિયાદ તથા ચાર્જશીટના કાગળો ધ્યાને લેતાં અરજદાર/આરોપી સામે ઇ. પી. કોડની કલમ–૩૦૨ મુજબના ગુનાનો આક્ષેપ છે. આરોપી સામેના ગુનાની હકીકત જોવામાં આવે તો, હાલના અરજદારે તાંતીથૈયા ખાતે પારેખ એસ્ટેટ, સાંઇ પેલેસ બિલ્ડીંગમાં આવેલ લક્ષ્મણ ટી સેન્ટર સામે મરનાર બિલ્ટુ ગંગાઇ પ્રાયો યાદવનાઓ સાથે કોઈ કારણસર બોલાચાલી, ઝઘડો કરેલ અને અરજદારે પોતાની પાસેના ધારદાર ચપ્પુથી મરનારના ડાબા પગમાં સાથળના ભાગે જીવલેણ ઘા કરી તેમનું મોત નિપજાવી ખૂન કરેલ.

(૭) હાલના અરજદાર સામે બિલ્ટુ યાદવનાઓને ચપ્પુ વડે ગંભીર ઈજાઓ પહોંચાડી તેઓનું મોત નિપજાવી ખૂન કરવા સંબંધેનો આક્ષેપ છે. સદર ગુનાનો સેશન્સ કેસ નંબર : ૪૨/૨૦૨૨ અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે. ચાર્જશીટના કાગળો વંચાણે લેતાં હાલના અરજદારે સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું જણાઈ આવે છે. સદર ગુનાના કામે ઉપયોગમાં લેવામાં આવેલ હથિયાર ચપ્પુ પંચનામા અન્વયે તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ છે. હાલના કામે મરનારની લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવેલ, જે ધ્યાને લેતાં મરનારને ગંભીર ઈજાઓ થવાના કારણે મોત નિપજેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. અરજદાર સામે ઈ. પી. કોડની કલમ–૩૦૨ જેવા ગંભીર ગુનાનો આક્ષેપ છે, જેમાં આજીવન કેદ અથવા મૃત્યુદંડની સજાની જોગવાઈ છે. હાલના અરજદારે સદર ગુનાની પોલિસ તપાસ ચાલુ હતી ત્યારે ફોજદારી જામીન અરજી નંબર : ૩૦/૨૦૨૨ દાખલ કરેલ, જે અરજી અત્રેની અદાલત દ્વારા ગુણદોષ ઉપર નિર્ણિત કરી નામંજૂર કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે ફોજદારી જામીન અરજી નંબર : ૨૦૯/૨૦૨૨ દાખલ કરેલ, જે અરજદાર દ્વારા પરત ખેંચી લેવામાં આવેલ. ત્યાર બાદ સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ અને ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદાર દ્વારા હાલની જામીન અરજી કરવામાં આવેલ છે, પરંતુ ચાર્જશીટ દાખલ થયા બાદ પણ અરજદાર સામેના સંજોગોમાં કોઈ મહત્વનો ફેરફાર થયેલ હોય તેમ જણાઈ આવતું નથી. હાલનો ગુનો ખૂબ જ ગંભીર પ્રકારનો છે અને સદર ગુનાના કામે બનાવ નજરે જોનાર સાહેદો પણ છે. જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો તેઓ નજરે જોનાર સાહેદોને ડરાવે–ધમકાવે તેવી પણ શક્યતા રહેલી છે. હાલના અરજદાર મૂળ બિહાર રાજયના વતની છે, જેથી અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ નાસી ભાગી જાય તેવી પણ સંભાવના રહેલી છે. આમ, અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનાના કામની ભૂમિકાને ધ્યાને લેતાં તેઓને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી કુંદનબિહારી બંસીધર પાંડેનાઓની હાલની ફોજદારી પરચુરણ જામીન અરજી નંબર : ૬૬૪/૨૦૨૨ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૪ મી**, માહે :** ઓકટોબર**, સને :** ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૪**/**૧૦**/**૨૦૨૨.
**બારડોલી.**

**( બસંતકુમાર ગુરમુખલાલ ગોલાણી)**
સાતમા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01509